ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો,૧૯૭૪માં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત અને વિષયો તેમજ માધ્યમ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH-PF1
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૫/૨૦૨૩.

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૫/૨૦૨૩નો ઠરાવ ક્રમાંક: ED/MSM/e-file/3/2023/1662/CHH

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: મશબ/૧૧૧૬/૧૨/છ.

(૩) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડનો તા.૧૯/૦૫/૨૦૨૩નો પત્ર ક્રમાંક: મઉમશબ/ સંશોધન/ ૨૦૨૩/૧૭૬૭-૬૮.

**આમુખ:-**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૧૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષક/શિક્ષણ સહાયકની ભરતી માટેની લાયકાત, વિષયો તેમજ માધ્યમ અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જોગવાઈ નિયત કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૨) સામેના તા.૧૭/૦૫/૨૦૨૩ના ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: 20(ખ)(1) અને વિનિયમ ક્રમાંક:20(ખ)(2)માં સુધારો કરવામાં આવેલ તથા પરિશિષ્ટ-3 અને પરિશિષ્ટ-૪માં નવી જોગવાઈ ઉમેરવામાં આવેલ હતી. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વંચાણે લીધા ક્રમાંક (3) સામેના તા.૧૯/૦૫/૨૦૨૩ના પત્રથી વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૭/૦૫/૨૦૨૨૩ ઠરાવમાં સુધારો કરવા દરખાસ્ત કરેલ હતી. આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે, વિભાગના તા.૧૭/૦૫/૨૦૨૩ના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના ઠરાવથી નિયત થયેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: 20(ખ)(1) અને પરિશિષ્ટ-3 માં નીચે મુજબનો સુધારો કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઈ | સુધારેલ જોગવાઈ |
|---|---|---|
| 20(ખ)(1) | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(3)(1), 20(4), 20(5)(1), | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-1974ના વિનિયમ ક્રમાંક:20(3)(1), 20(4), 20(5)(1), 20(6)(1), |

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-May-2023 (03:39 PM)

| | | |
|---|---|---|
| | 20(6)(1), 20(7) અને 20(8)(1)માં થયેલ જોગવાઈ મુજબ માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-૩માં દર્શાવ્યા મુજબની રહેશે તેમજ (B.A/B.sc/ B.com/B.R.S) સ્નાતક સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed ની લાયકાત માન્ય ગણાશે. | 20(7) અને 20(8)(1)માં થયેલ જોગવાઈ મુજબ માધ્યમિક શાળાઓમાં શીખવવામાં આવતા વિષયોના શિક્ષકોની ભરતી માટેની લઘુત્તમ લાયકાત, લાયકાતના વિષયો, TAT અને જે તે વિષય માટે લાગુ પડતા વિનિયમની વિગતો પરિશિષ્ટ-૩માં દર્શાવ્યા મુજબની રહેશે તેમજ (B.A/B.sc/B.R.S) સ્નાતક સાથે ઇન્ટીગ્રેટેડ B.Ed ની લાયકાત માન્ય ગણાશે. |

પરિશિષ્ટ-૩

- ઉમેદવાર માધ્યમિક શાળામાં/માધ્યમિક વિભાગમાં શિક્ષક/શિક્ષણ સહાયક તરીકે નિમણુંક માટે B.A/B.sc/ B.R.S સાથેનો ઇન્ટિગ્રેટેડ B.Ed ની વ્યવસાયિક લાયકાત ધરાવતા હોવા જોઈશે.

વિભાગના વંચાણે લીધા ક્રમાંક(૧) સામેના તા.૧૭/૦૫/૨૦૨૩ના સામેના ઠરાવની અન્ય તમામ વિગતો યથાવત રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-સરકાર ઉપરની ફાઈલ પર સરકારશ્રીની તા.૨૨/૦૫/૨૦૨૩ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

eSign
Signed by: J T BANDHANIYA
Organization Unit: Education Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 24-May-2023 (03:39 PM)

(જે.ટી.બાંધણીયા)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦ બી, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધ્યક્ષશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, ગ/ગ.૧/ગ.૨ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ મારફતે)
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ.
- સિલેક્ટ ફાઈલ.